**આંબલીયારા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૧૨૪૦૧૦૯/૨૦૨૪**
**<u>ફોજદારી કેસ નં. ૭૨૨/૨૦૨૪</u>**
**આંક–૫**

**<u>–: હુકમ :–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક–૧ની હકીકતે ગુનો કરી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૮૩, મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજૂ થતાં તેને કાયદા મુજબની નકલ આપવામાં આવેલ છે.જયારે હાલનાં આરોપીને તેની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, તેઓએ ગુનાની કબૂલાત કરવાની પુરશીસ રજૂ કરી, સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. હાલના કામમાં આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પૂર્વદોષસિધ્ધિ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક, ધમકી, દાબ–દબાણ વગર કબૂલાત કરવાની રજૂઆત કરેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છિક કબૂલાત નહિ માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૨) આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબૂલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત છે / યુવાન વયના / વૃધ્ધ ઉંમરના / સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહિ કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજૂઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબૂલાત કરેલ છે.

(૩) હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને લઈ, આરોપીની કબૂલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment ) ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતુ હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–// આખરી હુકમ //–</u>**

- આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૮૩ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો )**પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–**૦૩(ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપી હાલના કામે કેદી તરીકે જેટલા દિવસ જેલમાં રહયા હોય તો આરોપીને આ હુકમ મુજબ ભોગવવાની થતી સજા માટે મજરે મળવાપાત્ર રહેશે એવો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : **૨૨ મી, માહે : જુન, સને:૨૦૨૪** ના રોજ ના સ્પેશીયલ સીટીંગ માં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**બાયડ.**
**તા. ૨૨/૦૬/૨૦૨૪**

**(પ્રણવ દિલીપકુમાર મોદી)**
**એડીશ્નલ ચી.જ્યુ.મેજી.,બાયડ,**
**જી.અરવલ્લી. GJ01202.**